# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૭/૦૯/૨૦૨૬ થી તા.૧૩/૦૯/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in


**મેષ (અ,લ,ઈ):-** સપ્તાહમાં નોકરી કે નવા પ્રોજેક્ટમાં સાથે મોકો મળે ઉત્સાહની સાથે નવી તકો અને સફળતાનો અનુભવ કરાવનાર વીક રહે. વ્યવહાર કુશળતા અને હાજર જવાબીપણું નવી દિશા ખોલશે. વારસા, નવા ઘર, ઓફિસ, જમીન વગેરેના પ્રશ્નો હલ થઈ શકે છે. પ્રેમમાં એકબીજાનો સાથ-વિશ્વાસ વધારશે. પરીક્ષા કે ઈન્ટરવ્યુમાં અનુકુળતા રહે. નવા આર્થિક રોકાણ લાભદાયક રહે. નોકરીમાં નવી જવાબદારીથી પ્રભાવ વધશે.


**વૃષભ (બ,વ,ઊ):-** ચાલુ વીકમાં તમારી મહેનત અને ઉત્સાહજનક વ્યવહાર ઉપરી વર્ગનું ધ્યાન ખેંચશે. ઘરમાં નાના સભ્યોની પ્રગતિથી વાતાવરણ ઉત્સાહજનક રહે. વાણી પર કાબૂ રાખવો. અચાનક નવી તક ઊભી થાય. આર્થિક બાબતે સાવધાની રાખવી. નવા રોકાણમાં ઉતાવળ ટાળવી. માનસિકત પીડા વધશે. ઘર પરિવારના પ્રશ્નો સતાવે. સંતાન જીવન સાથીની ચિંતા વધે. અચાનક શુભ સમાચારથી શાંતિ મળે.


**મિથુન (ક,છ,ઘ):-** ચાલુવીકમાં પારીવારિક પ્રસંગમાં ભાગ લેવાનું બનશે અને સમાજીક નવા સંબંધો બને. માનસિક અશાંતિ અને કામમાં વિઘ્નો સતાવે. વિવાદ ટાળવો. ઘર-પરીવારનાં કામની ચિંતા વધે. વારસાઈ કે પારીવારિક ધંધામાં આવક વધે. ખાણી-પીણી, મોજ-શોખના ધંધામાં આવક વધે. અડોશ-પડોશ, ભાઈ-બહેનો સાથે વિવાદ ટાળવો. નવા ઘર, વાહનની યોજના બને. બહારના કામનો બોજ વધે.


**કર્ક (ડ,હ):-** સપ્તાહ નવી જવાબદારી અને કાર્ય બોજવાળુ રહે. જોકે આ કાર્ય કરવાથી નવું શીખવા મળે. ભવિષ્યમાં ઉપયોગી રહે. કોઈ પણ જગ્યાએ વાણી-વ્યવહાર બાબતે સમાનતા રાખવી. વાહન ધીમે હાંકવું. નવી નોકરીની શક્યતા અને કુટુંબીક સમસ્યાનું સમાધાન થાય. ભાગીદારીનો કામ અને સમાજીક કામ થાય. ઉઘરાણી આવવાથી નવાં રોકાણ થાય. અચાનક સફળતા મળી શકે છે.


**સિંહ (મ,ટ):-** ચાલુ વીકમાં સંતુલન રાખવું. ભાવના કે લાગણીઓમાં આવીને કોઈ નિર્ણય લેવા નહી. મિત્રો સાથે વિવાદ થાય. વિદ્યાર્થીઓને અવસર મળે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. જૂના દર્દોનું નિદાન થાય. વિદેશ પ્રવાસનો કામ થાય. કોર્ટ-કચેરીના કામમાં પ્રગતિ થાય. પારીવારિક બાબતે સમજોતા પૂર્ણ વ્યવહાર રાખવો. ધાર્મિક પ્રવાસ થાય. ખર્ચા વધશે. સંપત્તિ, વારસા અને મકાનને લગતાં કામમાં ગતિ આવે.


**કન્યા (પ,ઠ,ણ):-** નવી તકો અને સફળતાવાળુ વીક રહેશે. નોકરીમાં પ્રભાવ વધે. સમાજ કે જાહેર જીવનમાં ધીરજ રાખવી. પરીક્ષામાં તક મળે. શેર બજારમાં લાભ થાય. પ્રેમાં વિશ્વાસ વધે. સંતાન-જીવનસાથીનો કામ થાય. નવા સમાજીક સંબંધો બને. મિત્રો સાથે પ્રવાસ કે ધાર્મિક કાર્યક્રમનું આયોજન પાર પડે. પડવા-વાગવા અને છેતરાઈ જવાનો ભય રહેશે. નવી કામનો પ્રારંભ થાય અટકેલા કામમાં મદદ મળે. આવક વધશે.


**તુલા (ર,ત):-** સપ્તાહ દરમિયાન કામનું દબાણ વધશે. માટે ધીરજથી વ્યવહારીક બનીને કામ કરવું. જીવન સાથીનો સાથ મળે. નવા કાયદાને પ્રવાસમાં સાવધાની રાખવી. નોકરીમાં નવી જવાબદારીથી નવું શીખવા મળશે. સમાજમાં પ્રભાવ વધે. વડીલોની મદદ સમાજીક બાબતે મળે. સંતાનોના પ્રશ્નો સતાવે. વિદ્યાર્થીઓની અશાંતિ વધે. પ્રેમમાં ગેરસમજ થાય. ધાર્મિક યાત્રા થાય. ખર્ચાળ વિક રહેશે.


**વૃશ્ચિક (ન,ય):-** સપ્તાહ દરમિયાન પ્રવાસ ટાળવો. વાદ-વિવાદથી બચવું. આગ, પાણી, અકસ્માતથી સાવધાન. જૂના દર્દો પરેશાન કરશે. અચાનક શુભ સમાચાર મળે. પ્રમોશન મળે. ઉઘરાણી આવે. નવી તકથી આત્મવિશ્વાસ વધશે. કામનો બોજ આરોગ્ય પર જોવા મળે. સમાજ જીવનમાં ધીરજ રાખવી. સંતાનોની ચિંતા સતાવે. સમાજમાં જવાબદારી મળે. પ્રેમમાં સાથ મળે. નવા રોકાણથી લાભ થઈ શકે છે.


**ધન (ભ,ધ,ફ,ઢ):-** ચાલુ વીકમાં કોર્ટ-કચેરી બાબતે સાવધાન રહેવુ. કોઈની વાતોમાં આવવું નહી. સામાજીક અને પારીવારિક સંબંધોમાં સંતુલન રાખવું. રોજના કામમાં વિઘ્નો આવે. સરકારી કામ, કોર્ટ, કચેરી, વીલ-વારસા અને વીમાં જેવા કામમાં વીકના મધ્યભાગ પછી તક મળે. ઘરમાં અશાંતિ અને દોડ-ધામ યુક્ત વાતાવરણ રહે. અણગમતા સમાચાર મળે. વિદેશમાં વિદ્યાભ્યાસના કામમાં મદદ મળે. વેપાર-ધંધામાં આવક વધે.


**મકર (ખ,જ):-** સપ્તાહ નોકર-ચાકર અને હરીફોથી સાવધાન રહેવાનું સુચવે છે. પડવા-વાગવા અને વાદ-વિવાદથી પરેશાની વધી શકે છે. કામનો બોજ વધશે. ઘરમાં તાલમેળ રહે. પારીવારિક કામમાં પ્રગતિથી શાંતિ મળે. ઊંમરલાયક યોગ્ય પાત્ર મળે. રોજની આવક વધે. તથા નવી નોકરીની તક ઊભી થાય. કોઈની વાતોમાં આર્થિક વ્યવહાર કરવાં નહી. વિદેશથી શુભ સમાચાર મળે. ધર્મ-કર્મ થાય.


**કુંભ (ગ,સ,શ,ષ):-** સપ્તાહ દરમિયાન મિત્રો વગેરે સાથે વિવાદ ટાળવાં તથા નવા રોકાણમાં ધીરજ રાખવી. પ્રેમમાં ગેરસમજ થાય. આવક વધારવાની યોજના બને. નોકરીમાં નવી તક મળે. સરકારી નોકરીમાં પ્રગતિ થાય. અને સરકારી કામમાં મદદ મળે. આરોગ્ય નરમ રહે. ખર્ચા વધશે. ભાગીદારીમાં ગેરસમજ વધે. સમાજમાં અશાંતિ વધે. ઉઘરાણી આવી શકે છે. અચાનક શુભ સમાચાર મળે. ખાવા-પીવામાં સાવધાન રહેવું.


**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ નવાં પડકારો સાથે શરૂ થશે. પરંતુ વ્યવહાર-કુશળતા અને ધીરજથી રસ્તો નીકળશે. પરિવાર સાથે સમાજીક કામ થાય. બહારનો કામ માટે પ્રવાસ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા રોકાણ થાય. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવી શકે છે. મોજ-શોખના ધંધામાં આર્થિક લાભ થાય. સંતાનોની સમસ્યાને સમાધાન થાય. પડવા-વાગવા અને હરીફોથી નુકસાન થઈ શકે છે. સાવધાન રહેવું પડશે.

# અમિત શાહની કુંડળી

## અમિત શાહની કન્યા લગ્નની કુંડલીમાં જયોતિષમાં મહત્વપૂર્ણ માનવામાં આવતો ગૂઢ ચોકડી નામનો રાજયોગ થાય છે



જીવનમાં અચાનક સફળતા કે નિષ્ફળતા લાવનાર આ યોગ જાતકને તીવ્ર ગૂઢ બુદ્ધિ અને રણનિતીક શોચથી સફળતા પ્રાપ્ત કરે છે. ક્યાં ગ્રહોથી આ યોગ બને છે તેના પર તેનો શુભાશુભનો આધાર છે. **સામાન્ય રીતે કુંડલીમાં એકબીજાના કેન્દ્રમાં આવતા ગ્રહોથી બનતા આયોગ બીજા, છઠ્ઠા આઠમા અને બારમાં ભાવમાં ગ્રહોની હાજરીથી બનતા આ રોજ યોગને ખૂબ જ બળવાન માનવામાં આવે છે.** તે જાતકને ધનના ઢગલા અને સત્તાના શિખર પર લઇ જાય છેઅને તેનું પતન પણ કરે છે. અમિત શાહની કન્યા લગ્નની કુંડલીમાં બારમાનો માલિક સૂર્ય બીજે અને બીજાના માલિક શુક્ર બારમે પરિવર્તન યોગથી વિપરીત રાજ યોગ કરીને કુંડલીને બળવાન બનાવે છે. છઠ્ઠાનો માલિક શનિ છઠે સ્વગ્રહી અને લાભ સ્થાનનો માલિક ચંદ્ર આઠમે રહીને મંગળ સાથે પરિવર્તન યોગથી મંગળની હાજરી પણ આઠમે કરે છે જે પણ એક રાજયોગ છે. આમ બે, છ આઠ અને બારમા ભાવમાં ગ્રહોની હાજરી ખૂબ જ ઓછા લોકોની કુંડલીમાં જોવા મળે છે.

વાણી સ્થાનમાં સૂર્ય નીચનો છે આવા જાતકો સંધી કરાવનાર, વાય-ઘાટો અને સુલેહ અને કોઇ પણ વસ્તુ વેપારનાં વેચાણ પ્રતિનિધિ તરીકે સફળ થાય છે અને આવુ કરવા માટે કોઇ પણ હદ સુધી જવાની શક્તિ રાખતા હોય છે. પોતાની કુટિલ બુદ્ધિના ઉપયોગથી બીજા પાસે પોતાનું ધાર્ય કામ કરાવે છે. આ નીચના સૂર્યના કારણે જ અમિત શાહ બીજાની સરકાર કે પાર્ટીને તોડીને નિષ્ફળ બનાવીને પોતે મજબુત બને છે.

છઠે રહેલ સ્વગૃહી વક્રી શનિ શત્રુઓને વશમાં રાખવાની શક્તિ કે અનુકૂળ વાતાવરણ આપે છે. આઠમે ચંદ્ર જે મંગળને પમ આઠમે લાવે છે. મંગળ પણ નીચનો બને છે. આ આઠમાં સ્થઆનને બળવાન કરતાં ચંદ્ર મંગળ સરકારી તંત્ર દૂરયોગની કુનેહ આપે છે. જે અચાનક સફળતાના યોગ કરે છે સાથે ભયંકર નિષ્ફળતાના પણ યોગ કરે છે. નીચેનો મંગળ જાતકને ક્રુર અને ઘાતકી સ્વાર્થી અને ચોરી કે લૂટફાટ કરવામાં કુશળ બનાવે છે અને પોતાની વધારે પડતી સ્વાર્થકૃતિ કારણે અતિ આત્મવિશ્વાસમાં રાખીને નિષ્ફળતા લઇ જાય છે. આ યોગ જેલના યોગ પણ કરે છે અને ગુનાહિત પ્રવૃતિ કરાવે છે અથવા તેનો ભાગ બનાવે છે. જે પોતે અને પોતાના સાથીઓને મુશ્કેલીમાં મોકલાવીને છેવટે હારનો સામનો કરાવે છે. અને ગૂઢ ચોકડીની બળ આપનાર બારમે સિંહનો શુક્ર ભયકર રીતે પ્રતિષ્ઠાને હાનીના યોગ કરીને અંધકારની ગર્તામાં ધકેલી દે છે. આ યોગ જેટલી સફળતા આપે છે એટલી જ ઘોર નિષ્ફળતા આપે છે. સામાન્ય રીતે ગૂઢ ચોકડી યોગ ઉચ્ચ કોટીના જાતકોની કુંડલીમાં અધ્યાત્મિક, સામાજિક અને વ્યક્તિગત સફળતા માટેના રસ્તાનું સુચન કરે છે, પણ કર્મ સંજોગો એ જાતક ભટકી જાયનો અધઃપતન થાય છે.

અમિત શાહની કુંડલીમાં ગોચરના ગ્રહોનું ફળ હાલ નકારાત્મક છે. હાલમાં મે 2025 થી જન્મના શનિ પરથી પસાર થતો રાહુ જે એજ નક્ષત્રમાંથી પસાર થાય છે અને તે ડિસેમ્બર 2026 સુધી શુભનથી અચાનક મુસીબત અને નિષ્ફળતાના યોગ કરે છે. એ જ પનોતિનો પ્રથમ તબક્કો મે 2025 થી મે 2032 સુધીની સાડા સતી પણ અશુભ છે. જે કોર્ટ કચેરીમાં હારનો સામનો કરાવનાર બને છે. હાલમાં સાતમા ભાવમાંથી પસાર થતો શનિ સરકાર સાથે જોડાયેલ કજીયા કે કોર્ટ-કચેરીમાં નિષ્ફળતાના યોગ કરે છે અને ગોચરનો મંગળ ઓગસ્ટના પ્રથમ દિવસતી 18-9-2026 સુધી જન્મના રાહુ પરથી ભ્રમણ અતિ આત્મવિશ્વાસ અને વિરોધીઓને નષ્ટ કરવાની કુબુદ્ધિ આપનારના બને છે અને તે પછી જન્મનાં મંગળ પરથી પસાર નવેમ્બર 2026 સુધી નીચ બનીને ભ્રમણ કરશે જે પણ અશુભ બને છે. મિત્રો, સાથી પક્ષ, સાથે કામ કરનાર તેમજ પોતાના જ પક્ષના અને વિરોધીઓથી ભયંકર નુકશાન યોગ કરે છે અને સૌથી અશુભ યોગ, યોગ ગોચરના સૂર્યનું ભ્રમણ 17-08-2026 થી સિંહમાં જે જન્મના શનિ સામેથી પસાર થાય છે. જે સત્તા ભ્રષ્ટના યોગ કરે છે અને તે પછી 17-10-2026 સુધી કન્યામાં ગોચરના શનિની સામેથી સૂર્યનું ભ્રમણ અમિત શાહની કારકીર્દી માટે પ્રતિકુળ સાબિત થશે. જ્યોતિષ નિયમ પ્રમાણે ગોચરમાં જન્મની સૂર્ય-કે શનિ યોગ જ્યારે થાય છે તારે જાતકના જીવનમાં આમુલ પરિવર્તન આવે છે. સર્વોચ્ચ શિખરથી ખીણમાં પાડીને કાયમ માટે લંગડા અપાહીજ કરી કે નિષ્ફળ કરી દે છે. અથવા સૂન્યમાંથી સર્જન કરાવીને સફળતા આપે છે. તેનો આધાર કુંડલીમાં રહેલ ગ્રહો અને જાતકના કર્મો છે, જો વર્તમાન કર્મ સારા હોયતો સફળતા મળે નહીં તો ઘોર નિષ્ફળતા તરફ જવાનું લગભગ કોઇ રોકી શક્તું નથી. સૂર્ય 17-10-2026થી તા. 16-11-2026 સુધી જન્મના સૂર્ય પરથી નીચ અવસ્થામાં ભ્રમણ કરશે અને તે રાહુની દૃષ્ટિમાં હશે આ સમય તેમનો અશુભ રહેવાના સંકેત આપે છે. કુંડલીમાં રહેલ ગ્રહો તેમજ ગોચરવાં ગ્રહોના ફળનો આધાર જે તે સમય ચાલતી દશા અંતરદશા પર ખાસ આધાર રાખે છે. નવેમ્બેર 2021 થી શૂન્ય અંશના મૃત અવસ્થા અને મારકેશ એવાં વક્રી ગુરુની મહાદસા ચાલુ થઇ છે. જે 2037 સુધીની તેમના માટે શુભ નથી. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે કોઇ પણ ગ્રહ શૂન્ય અંશનો હોય તો તેને છિદ્ર અવસ્થાનો માનવામાં આવે છે. તે શુભ ફળ આપવામાં અસમર્થ છે. 2021 થી તેમની પીછે હઠ કે પડતીનો સમય ચાલુ થઇ ગયો હતો પણ સત્તા અને સંસાધનના ઉપયોગથી આત્મવિશ્વાસમાં રહીને બચવાનો સમય વેડફી નાખ્યો હવે.

**સામાન્ય રીતે ગૂઢ ચોકડી યોગ ઉચ્ચ કોટીના જાતકોની કુંડલીમાં અધ્યાત્મિક, સામાજિક અને વ્યક્તિગત સફળતા માટેના રસ્તાનું સુચન કરે છે**

# ૧૦ હજારમાં બાળકનું વેચાણ, ત્રણ બાળકો પાસે મજૂરી કરાવાતી હતી

**ક્રાઇમ** બ્રાન્ચે ત્રણેયને મુક્ત કરાવ્યા, બે આરોપી ઝડપાયા

**બાળકોને** માતા-પિતાને સોંપાયા

અમદાવાદ : અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ અને માનવ તસ્કરી વિરોધી એકમની ટીમે ગંભીર અને સંવેદનશીલ કાર્યવાહી કરીને અપહરણ કરાયેલા ૧૪ વર્ષીય બાળક સહિત કુલ ત્રણ બાળકોને મુક્ત કરાવ્યા છે. તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે કે વર્ષ ૨૦૨૨માં ગુમ થયેલા એક બાળકને માત્ર રૂ.૧૦ હજારના બદલામાં અન્ય વ્યક્તિને વેચી દેવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેની પાસે મજૂરી કરાવવામાં આવતી હતી. પોલીસે આ મામલે બે આરોપીઓને ઝડપી લીધા છે, જ્યારે ત્રણેય બાળકોને તેમના માતા-પિતા સુધી પહોંચાડી સોંપવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ૧૩ જુલાઈ, ૨૦૨૨ના રોજ હેબતપુર, થલતેજ વિસ્તારમાં રહેતા પરિવારનો ૧૪ વર્ષનો બાળક ગુમ થયો હતો. આ અંગે સોલા પોલીસ મથકમાં અપહરણની ફરિયાદ નોંધાઈ હતી. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બાળકની શોધખોળ માટે માનવ તસ્કરી વિરોધી એકમ તથા ક્રાઈમ બ્રાન્ચની ટીમને કામગીરીમાં જોડવામાં આવી હતી. દરમિયાન પોલીસને મળેલી ખાનગી બાતમીના આધારે તપાસ આગળ ધપાવવામાં આવી અને અપહરણ કરાયેલા બાળકને શોધી કાઢી તેને કબજામાં રાખનારા બે આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી દિનેશભાઈએ ગુનાના કામે ગુમ થયેલા બાળકને રૂ.૧૦ હજારમાં આરોપી ભરતભાઈને વેચી દીધો હતો. બાળકને પોતાની પાસે રાખ્યા બાદ તેની પાસે મજૂરી કરાવવામાં આવતી હતી. આ ખુલાસાથી સમગ્ર ઘટનાની ગંભીરતા સામે આવી છે. તપાસ દરમિયાન પોલીસને વધુ વિગતો મળી કે આરોપી ભરતભાઈ તથા તેનો ભાઈ રણછોડભાઈ પોતાના ત્યાં અલગ-અલગ ત્રણ બાળકોને રાખતા હતા અને તેમની પાસે મજૂરી કરાવતા હતા. બાળકોના બદલામાં તેમના માતા-પિતાને વર્ષે માત્ર રૂ.૫૦૦થી રૂ.૧૦૦૦ જેટલી રકમ આપવામાં આવતી હોવાનો પણ તપાસમાં ખુલાસો થયો છે. ક્રાઈમ બ્રાન્ચે બાળકોને મુક્ત કરાવ્યા બાદ તેમના માતા-પિતાને શોધી કાઢ્યા હતા. બાળકો પોતાના માતા-પિતા સાથે જવા ઈચ્છતા હોવાથી એક બાળકને નવા નદીસર ગામ ખાતે અને બીજા બાળકને છાણી, વડોદરા ખાતે તેના માતા-પિતાને સોંપવામાં આવ્યો છે. આ કેસમાં પોલીસે નવા નદીસર, ગોધરા, પંચમહાલના ૪૭ વર્ષીય દિનેશભાઈ રામસંગભાઈ કબલદાર (ઓડ), વ્યવસાયે લેબર કોન્ટ્રાકટર, તથા નવા નદીસર, ભરવાડવાસ ખાતે રહેતા ૩૫ વર્ષીય ભરતભાઈ પોપટભાઈ ભરવાડની ધરપકડ કરી છે. બંને આરોપીઓ સામે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર કાર્યવાહી સોલા પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણના ગુનાના અનુસંધાનમાં કરવામાં આવી છે. હવે તપાસમાં બાળકોને મજૂરી કરાવવાની સમગ્ર હકીકત તથા આ ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે કેમ તે સહિતના મુદ્દાઓ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# વિધાનસભાના ચોમાસુ સત્રના પ્રથમ દિવસે રાજકારણ ગરમાશે

**મોંઘવારી**, બેરોજગારી, પેપર લીક, ખેડૂતોની સમસ્યા અને કાયદો-વ્યવસ્થાના મુદ્દે કોંગ્રેસ સરકારને ઘેરશે

**૯ સપ્ટેમ્બરે** સત્યાગ્રહ છાવણી ખાતે જંગી ધરણાં

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસીય ચોમાસુ સત્ર આગામી ૯થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન યોજાવા જઈ રહ્યું છે ત્યારે સત્રના પ્રારંભથી જ રાજકીય માહોલ ગરમાવાની શક્યતા છે. વિધાનસભાની અંદર સરકારને વિવિધ પ્રજાકીય મુદ્દે ઘેરવાની તૈયારી કરી રહેલી કોંગ્રેસે સત્રના પ્રથમ દિવસે જ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે જંગી ધરણાં-પ્રદર્શન યોજવાનું નક્કી કર્યું છે.

વધતી મોંઘવારી, બેરોજગારી, સરકારી ભરતીના પેપર લીક, ખેડૂતોની સમસ્યાઓ તેમજ કથળતી કાયદો-વ્યવસ્થાને મુદ્દો બનાવી કોંગ્રેસ સરકાર સામે આક્રમક મોરચો ખોલશે. દરમિયાન વિધાનસભા સત્રને પગલે ગાંધીનગરમાં વિધાનસભા સંકુલની અંદર તેમજ બહાર સઘન સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

૯ સપ્ટેમ્બરે સવારે ૧૧ વાગ્યે સત્યાગ્રહ છાવણી ખાતે યોજાનારા ધરણાં-પ્રદર્શનમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને ડૉ. તુષાર ચૌધરીની આગેવાનીમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાશે. સત્રના પ્રથમ દિવસે જ સરકાર સામે શક્તિપ્રદર્શન કરી વિવિધ પ્રજાકીય પ્રશ્નોને લઈને સરકાર પર દબાણ ઊભું કરવાની કોંગ્રેસે રણનીતિ ઘડી છે.

વિરોધ પ્રદર્શનને સફળ બનાવવા માટે ગાંધીનગરના સેક્ટર-૨૨ સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય, પૂર્વ સાંસદ અને ધારાસભ્ય જગદીશ ઠાકોરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં કોંગ્રેસના પ્રદેશ અગ્રણી નીશિત વ્યાસ , ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો, તાલુકા-શહેર પ્રમુખો તથા જિલ્લા અને તાલુકા પંચાયતના જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

યુવક કોંગ્રેસ, એનએસયુઆઈ અને મહિલા કોંગ્રેસ સહિતના વિવિધ સંગઠનોના આગેવાનો પણ બેઠકમાં જોડાયા હતા.

# ગુજરાતના દરેક જિલ્લામાં એન્ટી નાર્કોટિક્સ વિંગ બનશે

**ડ્રગ્સ** સામે કાર્યવાહી માટે સાત દિવસમાં રચના પૂર્ણ કરવાનો આદેશ

**અમદાવાદ**-સુરતમાં બે-બે, વડોદરા-રાજકોટમાં એક-એક એકમ

ગાંધીનગર : ગુજરાતમાં માદક પદાર્થોના ઉત્પાદન, સંગ્રહ, હેરફેર અને વેચાણ સામેની કાર્યવાહી વધુ સઘન બનાવવા રાજ્યના પોલીસ મહાનિદેશક જી. એસ. મલિકે દરેક જિલ્લામાં અલગ એન્ટી નાર્કોટિક્સ વિંગ ઊભી કરવાનો આદેશ આપ્યો છે. રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા પોલીસ અધિક્ષકની સીધી દેખરેખ હેઠળ એકમ કાર્યરત કરાશે. અમદાવાદ અને સુરતમાં બે-બે, જ્યારે વડોદરા અને રાજકોટમાં એક-એક એકમની રચના થશે.

દરેક એકમમાં એક પોલીસ નિરીક્ષક, એક પોલીસ ઉપનિરીક્ષક, બે સહાયક પોલીસ ઉપનિરીક્ષક અથવા હેડ કોન્સ્ટેબલ અને ચાર પોલીસ કોન્સ્ટેબલ મળી કુલ આઠ સભ્યોની ટીમ રહેશે. હાલની આંતરિક વ્યવસ્થામાંથી સારા રેકોર્ડ ધરાવતા સક્ષમ અધિકારી-કર્મચારીઓને જોડીને આ વિંગની રચના કરાશે. દરેક એકમને અલાયદું વાહન અને ચાલક પણ ફાળવવામાં આવશે.

### માત્ર ડ્રગ્સ સામે જ કાર્યવાહી

નવી વિંગ માત્ર માદક પદાર્થોને લગતા ગુનાઓ શોધવા અને નોંધવા માટે વિશેષ કાર્યદળ તરીકે કામ કરશે. તેને દારૂ, જુગાર કે અન્ય કોઈ કામગીરી સોંપવામાં નહીં આવે. તેમજ સ્થાનિક ગુનાશાખા, વિશેષ કામગીરી શાખા કે અન્ય નિયમિત ગુના નિયંત્રણ શાખાના ચાર્જ હેઠળ આ વિંગ ચલાવવામાં નહીં આવે.રાજ્ય કક્ષાની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા ચિહ્નિત કરાયેલા ડ્રગ્સ પેડલરો અને હોટસ્પોટ પર નવી વિંગ સતત નજર રાખશે તથા અચાનક તપાસ હાથ ધરશે. વિંગ દ્વારા ગુનો શોધી કાઢવામાં આવ્યા બાદ તેની નોંધણી સ્થાનિક પોલીસ મથકમાં થશે અને આગળની તપાસ સ્થાનિક પોલીસ કરશે. જોકે, કાર્યવાહી દરમિયાન સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા, ઉદાસીનતા કે બેદરકારી સામે આવશે તો સંબંધિત પોલીસ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. નવી વિંગે દર મહિને કરેલી કામગીરીનો અહેવાલ પોલીસ કમિશનર અને રેન્જ વડાને મોકલવાનો રહેશે. માદક પદાર્થોના ગુનાઓમાં સંડોવાયેલા શખ્સો સામે પીઆઈટી-એનડિપીએસ હેઠળ અટકાયતની દરખાસ્ત સીઆઈડી ગુનાશાખાને મોકલવાની જવાબદારી પણ વિંગને સોંપવામાં આવી છે. રાજ્ય પોલીસ વડાએ આગામી સાત દિવસમાં તમામ એકમોની રચના પૂર્ણ કરી તેમાં નિમણૂક કરાયેલા અધિકારીઓ અને કર્મચારીઓની યાદી રાજ્ય કક્ષાની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સને મોકલવાનો આદેશ કર્યો છે.

# સ્વચ્છતા સે સ્વાગત: વડાપ્રધાનના આગમન પૂર્વે ગુજરાતમાં અનોખી તૈયારી

**વડોદરા**-નવસારીમાં સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનું મહાઅભિયાન: ૨૫૦ ગામોમાં સફાઈ, ૧૩૪ ટનથી વધુ કચરાનો નવસારીમાં નિકાલ; વડોદરામાં ૩૧૩ ચોરસ કિ.મી. વિસ્તાર અને ૫૦૫ કિ.મી. રસ્તાઓની સફાઈ

ગાંધીનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ સપ્ટેમ્બરે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે તેમના સ્વાગત માટે આ વખતે ફૂલહાર, તોરણો કે ભવ્ય સ્વાગત કાર્યક્રમોને બદલે 'સ્વચ્છતા સે સ્વાગત'નો અનોખો સંકલ્પ સાકાર કરવામાં આવી રહ્યો છે. વડાપ્રધાનના આગમન પૂર્વે વડોદરા અને નવસારી જિલ્લામાં સ્વચ્છતા, વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણને કેન્દ્રમાં રાખીને વ્યાપક જનઅભિયાન હાથ ધરાયું છે. બંને જિલ્લાઓમાં ગામડાંથી લઈને મુખ્ય માર્ગો, જાહેર સ્થળો, શાળા-આંગણવાડી પરિસરો, આરોગ્ય કેન્દ્રો, તળાવો, કુવાઓ અને જળાશયો સુધી સઘન સફાઈ કામગીરી ચાલી રહી છે. વડોદરામાં અત્યાર સુધીમાં આશરે ૨૫૦ ગામોને આવરી લઈને ૩૧૩ ચોરસ કિલોમીટર વિસ્તાર અને ૫૦૫ કિલોમીટર રસ્તાઓની સફાઈ કરવામાં આવી છે અને આશરે ૧૮૩૫ મેટ્રિક ટન ઘન કચરાનો નિકાલ કરાયો છે.

## અનુસંધાન

... પાના પહેલાનું

### દિલ્હીમાં બિલ્ડીંગ...

વાત કરી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે ન્યૂ દિલ્હી રેન્જના જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ, ડીસીપી સાઉથવેસ્ટ અને એડિશનલ ડીસીપી આ ઓપરેશનનું નિરીક્ષણ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે આ બિલ્ડિંગ 'હોસ્ટેલ ડેઝ' તરીકે ઓળખાતી હતી અને તેનો માલિક ગુરુગ્રામમાં રહે છે. એફઆઈઆર નોંધવાની પ્રક્રિયા ચાલુ છે અને સાતથી આઠ ટીમો બિલ્ડિંગના માલિકની શોધખોળ કરી રહી છે.

### ભારત યુરોપના...

૨૦૨૫-૨૬( એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ ) દરમિયાન, ભારતે ૬૧.૫ મિલિયન ટન પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ કરી હતી, જે તેને વૈશ્વિક સ્તરે રિફાઇન્ડ પ્રોડક્ટ્સના સૌથી મોટા નિકાસકારોમાંના એક બનાવે છે. આ ઈંધણ હવે યુરોપ અને રશિયામાં બજાર શોધી રહ્યા છે. ચિંતાનો વિષય એ છે કે શું આ પ્રવાહ જાળવી રાખી શકાશે કે નહીં. વોર્ટેક્સાના ડેટા દર્શાવે છે કે, ઓગસ્ટમાં ભારતમાં આવતા ક્રૂડ અને કન્ડેન્સેટનું શિપમેન્ટ સતત બીજા મહિને ઘટીને આશરે ૩૮ લાખ બેરલ પ્રતિદિન થઈ ગયું છે, જ્યારે ગયા વર્ષે આ જ સમયગાળામાં તે ૪૮ લાખ બેરલ પ્રતિદિન હતું.

### ઇમારતને હોસ્ટેલ બનાવીને...

માળ સુધી બનાવી દેવામાં આવે છે. ઘણા ઘરોને બોયઝ પીજીમાં ફેરવી દેવાયા છે અને માલિકો બીજે ક્યાંક શિફ્ટ થઈ ગયા છે. તેઓ માત્ર પ્રોપર્ટીનું નામ પીજી રાખી દે છે, ઓનલાઈન ભાડું વસૂલે છે અને પાછા આવીને જોવાની પણ તકલીફ લીધા વગર જતા રહે છે."

### એક અમેરિકી માનવરહિત...

આવી હોવા છતાં, વાટાઘાટો નિષ્ફળ જતાં બંને પક્ષો એકબીજાને સૈન્ય અને આર્થિક રીતે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા હોવાથી અવારનવાર લડાઈ ચાલુ રહી છે.એક મહિનાની એકંદર શાંતિ પછી, અમેરિકા અને ઈરાને ગયા અઠવાડિયે ફરીથી હુમલા શરૂ કર્યા હતા, જેમાં હોર્મુઝની સામુદ્રધુની અને તેની નજીક આવેલા ઈરાની વિસ્તારોને ફરીથી નિશાન બનાવવામાં આવ્યા હતા. બીજી બાજુ, ઈરાને વધતા આર્થિક દબાણને હળવુ કરવા માટે પ્રતિબંધો અને હવે અમેરિકી નોકાબંધીમાંથી રસ્તો કાઢીને પોતાના તેલને ખરીદદારો સુધી પહોંચાડવાના માર્ગો શોધી કાઢ્યા છે. આ માટે તે આંશિક રીતે પોતાના ઓઈલ ટેન્કરોના 'શેડો ફ્લીટ' પર નિર્ભર છે. રાજદ્વારીઓ કહે છે કે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ અને જર્મની ઈરાન સામે તેની પરમાણુ અપ્રસારની જવાબદારીઓનું પાલન ન કરવા બદલ તેને યુએન સિક્યુરિટી કાઉન્સિલમાં મોકલવા માંગે છે.

### ટપાલ મતો પર...

તે કાનૂની રીતે યોગ્ય છે કે નહીં તે અંગે હજી સુધી કોઈ ચુકાદો આપ્યો નથી. આ કાનૂની લડાઈ આ વર્ષની ચૂંટણીઓ પર મોટી અસર પાડી શકે છે, જ્યાં સંસદ પર નિયંત્રણ દાવ પર લાગેલું છે. અમેરિકામાં લગભગ એક તૃતીયાંશ મતદારો ટપાલ મત દ્વારા મતદાન કરે છે.

### બાંગ્લાદેશની જેલમાં...

ત્યાર બાદ તેમની સામે હત્યા, હત્યાનો પ્રયાસ અને તોડફોડ સહિતના વિવિધ વધારાના કેસ નોંધવામાં આવ્યા હતા.

bdnews24 ન્યૂઝ પોર્ટલે અહેવાલ આપ્યો છે કે, જસ્ટિસ કેએમ ઝાહિદ સરવર અને જસ્ટિસ શેખ અબુ તાહેરની બેન્ચે રવિવારે તોડફોડ અને પોલીસને અટકાવવા સંબંધિત બે કેસમાં દાસને જામીન આપ્યા હતા.

ન્યૂઝ પોર્ટલ દ્વારા દાસના વકીલ અપૂર્વ કુમાર ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, દાસ કુલ છ ગુનાહિત કેસનો સામનો કરી રહ્યા છે અને હવે તેમણે હાઈકોર્ટમાંથી ચાર કેસમાં જામીન મેળવી લીધા છે.જોકે, તેમની સામેના અન્ય કેસને કારણે તેમને તાત્કાલિક છોડવામાં આવશે નહીં. તેમ ધ બિઝનેસ સ્ટાન્ડર્ડ ન્યૂઝ પોર્ટલે અહેવાલ આપ્યો છે. દેશદ્રોહના કેસમાં તેમના જામીન પર સ્ટે યથાવત છે, જ્યારે હત્યાના કેસમાં ચટ્ટગ્રામ સ્પીડી ટ્રાયલ ટ્રિબ્યુનલમાં સુનાવણી ચાલી રહી છે.

### કર્મચારી મંડળોએ...

જે બાબત ચર્ચા વગર સ્વીકારી શકાય નહીં તે એવી નીતિ છે જે ઈસરોને માત્ર એક રિસર્ચ અને ડેવલપમેન્ટ (R|D) બુટિક સુધી સીમિત કરી દે, જ્યારે દેશના લોંચ વ્હીકલ્સનું નિર્માણ અને તેના લોંચ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન સરકારી હાથમાંથી બહાર જતું રહે." પત્રમાં ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન સેન્ટર (IN-SPACe)ના ચેરપર્સન પવન ગોએન્કા દ્વારા ૨૧ ઓગસ્ટે કરવામાં આવેલી ટિપ્પણીઓ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, IN-SPACe ગેર-સરકારી સંસ્થાઓની વિવિધ અવકાશ પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત, સક્ષમ, અધિકૃત અને સુપરવાઈઝ કરે છે. ગોએન્કાએ એક જાહેર કાર્યક્રમમાં કથિત રીતે કહ્યું હતું કે, છેવટે, ઈસરો કોઈ લોંચ વ્હીકલ બનાવશે નહીં અને કોઈ લોંચ વ્હીકલનું ઉત્પાદન પણ કરશે નહીં. આ બધું ખાનગી ક્ષેત્ર અથવા પબ્લિક સેક્ટર અંડરટેકિંગ (PSU) દ્વારા કરવામાં આવશે. કર્મચારી મંડળોએ દાવો કર્યો હતો કે આ ટિપ્પણીઓ સાથે ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ તરફથી મંજૂર કરાયેલી નીતિ, તેના કાનૂની અને વહીવટી આધાર, તેના તબક્કાવાર અમલીકરણ અથવા હાલના કર્મચારીઓ અને ભવિષ્યની સરકારી ભરતી પર તેની અસરો અંગે સ્પષ્ટતા કરતો કોઈ સત્તાવાર સંદેશ વ્યવહાર નથી.

### એમપીના સાગર...

સાત દારૂની દુકાનો સીલ કરી દીધી છે અને તાત્કાલિક સેમ્પલિંગ લેવાના આદેશ આપ્યા છે.ભાજપ શાસિત મધ્ય પ્રદેશમાં આ લઠ્ઠાકાંડ એવા સમયે થયો છે જ્યારે ગયા મહિને જ ભાજપ શાસિત દારૂબંધીવાળા રાજ્ય ગુજરાતના ભાવનગર જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી ૧૩ લોકોના મોત થયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ પડોશી રાજ્ય ઉત્તર પ્રદેશ,જે પણ ભાજપ શાસિત છે, તેના લલિતપુરથી શંકાસ્પદ દારૂના પુરવઠાની તપાસ કરી રહ્યા છે. ભાજપના સ્થાનિક ધારાસભ્યએ મૃત્યુઆંક ૧૧ જણાવ્યો છે અને જણાવ્યું છે કે ૨૫ જણાને સારી સારવાર માટે અન્ય હોસ્પિટલમાં ખસેડાયા છે.

દરમિયાન, રાજ્ય કોંગ્રેસ પ્રમુખ જીતુ પટવારીએ આ મૃત્યુના કિસ્સામાં રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું હતું અને આ ઘટનાની અદાલતી તપાસની માગ કરી હતી. ગ્વાલિયરમાં પત્રકારો સાથે વાત કરતા તેમણે આક્ષેપ કર્યો હતો કે, સમગ્ર રાજ્યમાં દારૂ માફિયાઓ નિર્ભયપણે લોકોના જીવ લઈ રહ્યા છે.


## આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઇસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો), એમ.એચ. ૪૦૦૦૭૨
ગોધરા શાખાઃ શોપ નં. ૩, ૧લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-૩૮૯૦૦૧
અધિકૃત અધિકારીઓઃ અમિતકુમાર સોની (મોબાઈલઃ ૯૯૧૩૩૩૩૨૧૪)

### સરફેસી એક્ટ, 2002ની જોગવાઈઓ હેઠળ પ્રાઈવેટ ટ્રીટી દ્વારા મિલકતના વેચાણ માટેની નોટિસ

જેમ કે આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારીએ સિક્યુરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ અસ્કયામતો અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટના અમલીકરણ એક્ટ, 2002ની કલમ 13(4) હેઠળ સુરક્ષિત મિલકત (સિક્યોર્ડ એસેટ)નો કબજો લીધો છે. અને જ્યારે અધિકૃત અધિકારીએ અગાઉ ઈ-હરાજી નોટિસ જારી કરી હતી પરંતુ તે કોઈપણ સફળ બોલીદાતાઓને આકર્ષવામાં નિષ્ફળ રહી હતી, અને હવે પ્રાઈવેટ ટ્રીટી દ્વારા નીચે આપેલી સુરક્ષિત મિલકત વેચવાનો નિર્ણય લીધો છે. અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકત ખરીદવા માટે આ અંગે કેટલાક રસ ધરાવતા વ્યક્તિઓ તરફથી ઓફર મળી છે. અધિકૃત અધિકારી આથી સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 8 અને 9ની શરતો અનુસાર પ્રાઇવેટ ટ્રીટી દ્વારા ઉપરોક્ત મિલકતના વેચાણ માટે સામાન્ય રીતે ઉધાર લેનારાઓને નોટિસ આપે છે. ખાતાની વિગતો નીચે મુજબ છેઃ

| અનુ. નં.: | શાખા / લોન કોડ નં. | બોરોઅર / કો-બોરોઅર્સના નામ | ડીમાન્ડ નોટિસની તારીખ અને રકમ | રિઝર્વ પ્રાઇસ (RP) | 06-07-2026ના રોજ કુલ બાકી લોન રકમ | સુરક્ષિત મિલકતનું વર્ણન |
|---|---|---|---|---|---|---|
| 1 | લોન કોડ નં. 17610000156 (ગોધરા શાખા) | અફસાના ફરીદ શેખ (બોરોઅર), ફરીદ ઈબ્રાહીમ શેખ (કો-બોરોઅર) | 09-09-2025 & ₹ 15,89,782/- | Rs. 12,00,000/- | ₹ 18,68,292/- | તમામ ભાગ અને પાર્સલ મિલકત જેનો ગ્રાઉન્ડ ફ્લોર, પ્રથમ માળ પ્લોટ નં. 36 પૈકી, પશ્ચિમ સાઇડ ખડીફડીયા હુસેની મસ્જિદ રોડ, પ્લોટ નં: 36 પૈકી, ગોધરા, પંચમહાલ, ગુજરાત - 389001. ચતુર્સીમાઃ પૂર્વઃ પ્લોટ નં. 36નો ભાગ, પશ્ચિમઃ 20' ફીટ પહોળો રોડ, ઉત્તરઃ બનેલી દુકાન, દક્ષિણઃ પ્લોટ નં. 35 |

આ સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની વેચાણ નોટિસ છે જે આથી બોરોઅર(ઓ), કો-બોરોઅર(ઓ) અને ગેરેંટર(ઓ)ને આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલી ઉપરોક્ત વર્ણવેલ સ્થાવર મિલકત, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડની બાકી રકમ વસૂલ કરવા માટે "જેમ છે જ્યાં છે", "જેમ છે જે છે", અને "જે કંઈ પણ છે"ના આધારે પ્રાઈવેટ ટ્રીટી દ્વારા વેચવામાં આવશે.
જો બોરોઅર(ઓ), કો-બોરોઅર(ઓ) પાસે એવા કોઈ ખરીદદાર હોય જે આપેલ રિઝર્વ પ્રાઈસ કરતાં વધુ કિંમતે સુરક્ષિત મિલકત ખરીદવા માટે તૈયાર હોય, તો બોરોઅર(ઓ), કો-બોરોઅર(ઓ) એ AHFLને 26-09-2026 પહેલા એક દિવસ અગાઉ જાણ કરવી પડશે, તો AHFL તેમને પ્રાથમિકતા આપશે. જો બોરોઅર(ઓ), કો-બોરોઅર(ઓ) 26-09-2026 પહેલા એક દિવસ અગાઉ જાણ કરવામાં નિષ્ફળ જાય તો AHFL ઉપરોક્ત આપેલ રિઝર્વ પ્રાઈસ પર મિલકતના વેચાણ સાથે આગળ વધશે.
મિલકત તમામ હાલના અને ભવિષ્યના બોજાઓ સાથે વેચાઈ રહી છે, પછી ભલે તે AHFLને જાણીતા હોય કે અજાણ્યા. અધિકૃત અધિકારી/ સુરક્ષિત લેણદાર કોઈપણ રીતે કોઈપણ તૃતીય-પક્ષના દાવા/અધિકારો/બાકી લેણાં માટે જવાબદાર રહેશે નહીં. ખરીદદારે તેમની સંતોષ ખાતર મિલકત સંબંધિત તમામ પાસાઓ પર યોગ્ય તપાસ કરવી જોઈએ (પ્રાઈવેટ ટ્રીટી દ્વારા વેચાણ હેઠળ). ખરીદદાર પછીથી આ સંબંધમાં અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર સામે કોઈપણ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં.
વેચાણની તારીખ 26-09-2026 નક્કી કરવામાં આવી છે. "આ વર્તમાનપત્ર પ્રકાશન અને આમાં રહેલો ડેટા સામાન્ય જનતાના પ્રસારણ માટે છે. કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમથી આ સામગ્રીનું પુનઃઉત્પાદન, વિતરણ, ટ્રાન્સમિશન અથવા પુનઃપ્રકાશન, આખું કે અંશતઃ, ભલે પ્રિન્ટ, ડિજિટલ, કોઈપણ સ્વરૂપમાં ઈલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેલ અથવા વેબ પ્રકાશનો અથવા અન્યથા કોઈપણ માધ્યમ દ્વારા સખત મનાઈ છે. કોઈપણ માધ્યમ દ્વારા ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ અનાધિકૃત ઉપયોગ AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં પરિણમી શકે છે.

સ્થળઃ ગુજરાત, તારીખઃ 07.09.2026

(અધિકૃત અધિકારી)
આધાર હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ વતી